# ભરતીકાંડની તપાસ માટે સમિતિ રચવા આદેશ

## મનપા દ્વારા થયેલ ભરતીમાં ગોટાળાઓ માટે તપાસ સમિતિ રચી અહેવાલ રજુ કરવા સ્થાયી સમિતિનો આદેશ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકામાં થયેલ ભરતીમાં ગોટાળાઓ થયાનું આજે સ્થાયી સમિતિએ સ્વીકારી અને તે અંગે તપાસ કરી પોતાનો અહેવાલ રજુ કરવા માટેનો પ્રસ્તાવ આજે સ્થાયી સમિતિએ મંજૂર કર્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં બેઠકના અંતે આ દરખાસ્ત પક્ષના સિનીયર કાઉન્સીલર અને પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલે રજુ કરી હતી.

સ્થાયી સમિતિમાં રજુ થયેલ આ દરખાસ્તમાં શંકાની સોય એટલા માટે મજબુત બનીને ઉભરી કે ભરતીના ઈન્ટરવ્યુમાં ઓડિટરની ઉપસ્થિતિ ન હતી પરંતુ તેમની પાછળથી સહિઓ લેવામાં આવી હતી અને ઈન્ટરવ્યુ માટે જે એક્સપર્ટોને બોલાવવામાં આવ્યા હતા તે સનદી અધિકારીઓ હતા પરંતુ મનપાના અધિકારીઓને પસંદગીની પ્રકીયામાં હાજર રાખવામાં આવ્યા ન હતા.

આ માટે નિષ્પક્ષ તપાસ સમિતિ બનાવી સમિતિનો અહેવાલ સ્થાયી સમિતિમાં રજુ કરવાના આદેશ કરવામાં આવ્યા છે.

આ દરખાસ્તમાં વર્ગ-૩ની ભરતી માટે કમ્પ્યુટરની પરીક્ષા પણ મનપાની કચેરી ખાતે લેવામાં આવેલ હતી. જેમાં સારા ગુણાંક મેળવનાર કારકુન તથા સિની. કારકુનોને ટાઈપીંગની કામગીરી આવડતી ન હોવાથી તેમને અન્યાય થયો હોવાની અનેકવિધ રજુઆતો મળી છે. આ મુદ્દો વારંવાર અખબારોના પાને પણ ચમકી ચુક્યો છે તેથી તેની પણ તપાસ આ તપાસ સમિતિ કરે અને અહેવાલમાં તે અંગે સમાવેશ કરે તેમ જણાવાયુ છે.

આ દરખાસ્તમાં એવી પણ ચીમકી આપવામાં આવી છે કે જો અહેવાલ સંતોષકારક સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં નહિ

● અનુસંધાન પાના ૭ પર




# કાઉન્સીલરોના પત્રોના જવાબ પણ ના આપતાં તંત્ર પર સ્થાયી સમિતિના સભ્યો ખફા

## વિપક્ષ માત્ર અત્યાર સુધી રજુઆત કરતુ હતુ પણ સત્તા પક્ષના સભ્યોની પણ રજુઆતથી તંત્ર માટે એક નવી ચિંતા બની મુદ્દો ઉભર્યો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગરપાલિકાના તંત્ર દ્વારા સભ્યોની રજુઆતો સામે પણ દાખવવામાં આવતા ઉદાસીન વલણને લઈ સ્થાયી સમિતિની બેઠકમાં ઉગ્ર પડઘા પડ્યા હતા.

મનપાના કાઉન્સીલરો દ્વારા લખવામાં આવતા પત્રોનો પણ પ્રત્યુત્તર પાઠવવામાં ન આવતો હોવાની વિપક્ષની રજુઆત પછી આજે સત્તાધારી પક્ષના સભ્યોએ પણ ઉગ્રતા સાથે રજુઆત કરતાં તંત્રના અધિકારીઓના પગ જમીન પરથી સરકી ગયા હતા.

સ્થાયી સમિતિના સભ્યોએ આજે તેમના પોતાના જ દાખલાઓ ટાંકી આ રજુઆતો કરી હતી. જો કે કમિશનર અને અન્ય અધિકારીઓએ આ રજુઆતો માત્ર મૌન રહી અને વાતમાં સભ્યોમાં રોષ વધુ પ્રજવલ્લિત થયો હતો.

આ અંગે વહીવટીય નિયમોનું પણ પાલન નહિ કરવાના

● અનુસંધાન પાના ૭ પર

# જ્ઞાનનુ પાચન થાય ત્યાં પ્રસન્નતાનુ પુષ્પ ખીલે છે : પૂ. રમેશ ઓઝા

ગાંધીનગર તા ૧૩

આજકાલ આધ્યાત્મ સાથે ઉદાસીનતા જોડાઇ ગઇ છે. ધર્મ સાથે ગાંભીર્ય ચોંટી ગયુ છે.જ્ઞાનનુ પાચન થાય ત્યાં પ્રસન્નતાનુ પુષ્પ ખીલે છે. જ્ઞાન પચાવાની પારાશીશી પ્રસન્નતા છે. આપણી પ્રસન્નતા બીજા માટે પણ આકર્ષણનુ કેન્દ્ર બને છે. જિન્દગી કાંટાથી યુકત ગુલાબ છે. જેમાં કાંટા વ્યવસ્થા છે .. સમસ્યા નથી.. કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાનમાળા અંતર્ગત પુ રમેશભાઇ ઓઝા ભાઇશ્રી એ પ્રસન્નતા જ સફળતાની પારાશીશી વિષય અંગે રસપ્રદ વકત્વય આપ્યુ હતુ .

ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાન માળામાં આજે પુ ભાઇશ્રીએ પ્રસન્નતા જ સફળતાની પારાશીશી અંગે નથી.દ્વેતનુ નામ જ દુનિયા છે. જે પ્રભુ ભાવિત હોય તેની સાથે કોઇ દ્વંધ કરી ન શકે. ભાવ અને આકૃતિને ઘનિષ્ટ સંબંધ છે. જિન્દગી એટલે કાંટાથી યુકત ગુલાબ . આપણે કાંટાની વચ્ચે મુસ્કાન કરતા ગુલાબને જોવાની દ્રષ્ટી કેળવવાની છે. કાંટો એ વ્યવસ્થા છે. સમસ્યા નથી. પ્રસન્નતા એટલે સુખ અને દુખનો આત્યાંતિક અભાવ. કોઈપણ ભાવ સ્થાયી થઈ જાય તો મુશ્કેલી થઈ જાય . નદી વહેતી હોય તેમ માણસના ભાવ પણ વહેતા હોવા જોઈએ. બદલાતી પરિસ્થિતિમાં માણસે પોતાની મનોસ્થિતિ સાંચવવી જોઈએ. આપણે ઘણીવાર જજમેન્ટલ થઈ જઈએ છીએ. દરેક વ્યકિત પોતાની લડાઈ લડે છે અને આપણને તેની ખબર હોતી નથી છતા આપણે તેના વિશે

**કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાનમાળામાં પ્રસન્નતા જ સફળતાની પારાશીશી વિષય અંગે પૂ. ભાઇશ્રીએ રસપ્રદ વકતવ્ય આપ્યુ : જિન્દગી એટલે કાંટાયુકત ગુલાબ.. આપણે કાંટા વચ્ચે મુસ્કુરાતા ગુલાબને જોવાની દ્રષ્ટી કેળવવાની છે**




રસપ્રદ વકતવ્ય આપ્યુ હતુ. સમજદારી અને પ્રેમને પર્યાયવાચી કહી શકાય જયાં પ્રેમ છે ત્યાં પ્રતિક્ષા છે અને જયાં પ્રતિક્ષા છે ત્યાં પ્રસન્નતા છે. છોડની ડાળી પર પુષ્પ આવે ત્યારે તે વધુ આકર્ષક બને છે. તેમ આપણી પ્રસન્નતા એ બીજા માટે આકર્ષણનુ કેન્દ્ર બને છે. કૃષ્ણ આપણને આકર્ષે છે તેનુ કારણ તેની પ્રસન્નતા છે.

યુધ્ધના મેદાનમાં પણ જે હસી શકે તે જગતયોધ્ધા થવાને લાયક છે. આજકાલ આધ્યાત્મ સાથે ઉદાસીનતા જોડાઇ ગઇ છે. અને ધર્મ સાથે ગાંભીર્ય ચોંટી ગયુ છે. જેને જ્ઞાન પચ્યુ હોય ત્યાં પ્રસન્નતાનુ પુષ્પ નિખરે છે. માણસને જ્ઞાન પચવાની પારાશીશી પ્રસન્નતા છે. પ્રસન્નતા એક ભુમિકા છે. જયાં બન્ને દ્વંધ તમને પ્રભાવિત કરી શકતા ધારણા બાંધી લઇએ છીએ. વ્યવ્હારથી જ માણસ જે કહેવુ હોય તે કહી શકે છે. વાસ્તવિક રીતે પ્રતિક્રીયામાં જીવવુ તે જ ગુલામી છે. નિષ્ફળતા સફળતાની સીડી ત્યારે જ બની શકે જો પ્રસન્નતાનો પ્રસાદ ચાખ્યો હોય. કોઇ તમારુ અપમાન કરી શકે અપમાનિત ન કરી શકે. સુખ સ્વપ્ન છે અને દુખ મહેમાન છે.

ભકિત કરો ત્યારે બાળકની જેમ કરો , કર્મ યુવાનની જેમ અને જ્ઞાન મેળવો ત્યારે વૃધ્ધની જેમ રહો. કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાન માળામાં પ્રસન્નતા પર્વની ઉજવણી અન્વયે ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ પણ આ તબક્કે પ્રસન્ન પાટનગર ગુજરાતમાં પણ પ્રસન્નતા પ્રસરાવશે તેવી આશા વ્યકત કરી હતી.

# સફાઈના મુદ્દે પણ સ્થાયી સમિતિનું કડક વલણ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મનપામાં આજે સ્થાયી સમિતિએ કચરો ઉપાડવાના ખર્ચ પેટે ટેન્ડરની મુદત પૂર્ણ થયા પછી પણ એજન્સીને ચુકવાયેલ રૂ. ૩૨ લાખના માતબર ચુકવણાની તપાસ કરી અને કસુરવારો સામે પગલાં લેવાના આદેશ આપ્યા છે.

દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળેલ સ્થાયી સમિતિની આજની મેરેથોન બેઠકમાં મનપામાં થયેલ આ ગેરરીતિ અંગેની ઉગ્ર રજુઆત સાથે કસુરવારો સામે પગલાં લેવા બેઠકને અંતે પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલે પ્રસ્તાવ રજુ કર્યો હતો જેને સમિતિના સભ્યોએ બહાલ રાખ્યો હતો.

**સ્થાયી સમિતિએ આજે સફાઈના મુદ્દે પણ તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવા ભલામણ કરી : ટેન્ડરની મુદત પૂર્ણ થઈ ગયા પછી પણ ઈજારદારની મુદત વધારી દેવાઈ અને માતબર ચુકવણીમાં નિયમો નેવે મુકાયા**

મળતી વિગતો પ્રમાણે મનપાના પૂર્વ તથા પશ્ચિમ વિભાગના મુખ્ય રોડ રસ્તાઓ પર કચરો ઉપાડવા અર્થે મનપા દ્વારા ટેન્ડર બહાર પાડી ખાનગી એજન્સીને કામગીરી સોંપવામાં આવી હતી. આ ઈજારો ૩૧-૮-૧૯ના રોજ પૂર્ણ થઈ ગયેલ છે. આમ છતાં સ્થાયી સમિતિની મંજુરી વિના ઈજારદારનો ઈજારો ત્રણ માસ માટે લંબાવી દેવામાં આવ્યો હતો અને ૩૨ લાખનું માતબર ચુકવણુ પણ ઈજારદારને કરવામાં આવ્યુ છે.

આ અત્યંત ગંભીર બાબત હોવાથી સ્થાયી સમિતિએ તેમાં જવાબદારો સામે પગલાં લેવા ભલામણ કરી છે.

સ્થાયી સમિતિમાં જણાવાયા મુજબ વહીવટીતંત્રના વડા પાસે માત્ર રૂ. પાંચ લાખની મર્યાદામાં ચુકવણુ કરવાનો અધિકાર છે જયારે રૂ. પાંચ લાખથી વધુનુ ચુકવણુ હોય તો સ્થાયી સમિતિની મંજૂરી જરૂરી બને છે. આ કિસ્સામાં સ્થાયી સમિતિની જાણ બહાર રૂ. ૩૨ લાખનુ ચુકવણુ કરવામાં આવ્યુ છે જે ઘણી જ ગંભીર બાબત લેખી સમિતિએ આજે આ કિસ્સામાં આકરૂ વલણ દાખવ્યુ હતુ.

મળતી વિગતો મુજબ આ મુદ્દે પૂર્વ ચેરમેને સ્થાયી સમિતિએ પત્ર લખી કમિશનરનું ધ્યાન દોર્યુ હતુ પણ છતાંય આ કામગીરી કેમ

● અનુસંધાન પાના ૭ પર

# સ્થાયી સમિતિની બેઠકમાં ૧૨ મુદ્દાના એજન્ડામાં ચાર મુલ્તવી રહ્યા

## ચૂંટાયેલી પાંખ અને તંત્ર વચ્ચે ઉગ્ર સંઘર્ષના એંધાણ : અધુરી વિગતો સાથેની દરખાસ્તને લઈ સમિતિએ નારાજગી પણ વ્યક્ત કરી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકામાં સ્થાયી સમિતિ અને તંત્ર વચ્ચેનો ઘર્ષણ વધુને વધુ તીવ્ર થતો જાય છે જેના પડઘા આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં પડ્યા હતા. આજના એજન્ડામાં રજુ થયેલ ૧૨ જેટલા મુદ્દામાંથી ચાર જેટલા મુલ્તવી રાખવામાં આવ્યા હતા.

કમિશ્નરશ્રી દ્વારા શહેરમાં વધુ ૬ ટ્રેક્ટરની ખરીદી અંગેની રજુ થયેલ દરખાસ્તને આજે સ્થાયી સમિતિએ ફગાવી દીધી હતી એટલુ જ નહિ પણ જે ટ્રેક્ટરો ભાડે અપાયા છે તે પરત લેવા માટેની સૂચના આપી હાલ એ ટ્રેક્ટરોથી કામ ચલાવવાના આદેશ આપ્યા છે.

આ ઉપરાંત આરોગ્ય શાખાની ભરતી માટે પણ પુરતી વિગતો ઉપલબ્ધ ન હોવાથી અને અધકચરી વિગતો સાથે રજુ થયેલી દરખાસ્તને પણ મુલ્તવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ માટે ભરતી પ્રક્રિયા કરવાના માટે માન્ય સંસ્થાઓ પાસેથી ભાવ-પત્રક મંગાવી તેમજ તેની સાથે ખરેખર થનાર ખર્ચની અંદાજિત વિગતો સાથે દરખાસ્ત રજુ કરવા માટે જણાવવામાં આવ્યુ છે.

સ્થાયી સમિતિએ ગાંધીનગર મનપા વિસ્તારના પ્લાસ્ટીક વેસ્ટના એકત્રીકરણ તથા સેગ્રીગેશન તેમજ હયાત પ્રોસેસીંગ પ્લાન્ટ પર લઈ જવા માટે એમ.ઓ.યુ. કરવાની કમિશ્નરની દરખાસ્તને માન્ય રાખવામાં આવી છે તેમજ એક શરત પણ રાખવામાં આવી છે.

સ્થાયી સમિતિએ આજની બેઠકમાં શરત રાખતાં જણાવ્યુ હતુ કે ભૂતકાળમાં મનપાના ઈજારદારો દ્વારા વેસ્ટ થયેલ કચરો અહિથી લઈ જવામાં આવતો હતો પરંતુ ઈજારદાર દ્વારા સમયસર કચરો ઉપાડવામાં આવતો ન હતો જેનુ ધ્યાન રાખવામાં આવે એટલુ જ નહિ ખાસ કાળજી રાખવામાં આવે. આ ઉપરાંત એકથી બે માસની સમય-મર્યાદામાં કચરો ઉપાડવામાં ન આવે તો ઈજારદાર સામે દંડાત્મક કાર્યવાહી કરવાનું પણ આથી ઠરાવવામાં આવે છે.

કમિશનરશ્રી દ્વારા નિવૃત્ત થયેલ કર્મચારીને રૂ. ૫ની રીકવરી કરવાનો હુકમ પણ વ્યાજબી જણાતો ન હોવાથી કમિશનરનો હુકમ રદ કરી અને કર્મચારીને એક માસની સમય-મર્યાદામાં નિવૃત્તિ સહિતના લાભો ચુકવી આપવાનો પણ નિર્ણય આજે સ્થાયી સમિતિએ કર્યો છે.

સ્થાયી સમિતિએ સે. ૨૧ અને ૨૪ના વર્મીકમ્પોઝ્ડ બેડની જગ્યા પર ઓફિસ વિથ ટોયલેટ તેમજ કમ્પાઉન્ડ વોલ બનાવવાના ટેન્ડરને મંજૂરી આપી છે. આ ઉપરાંત સે. ૨૮ અને સે. ૨૩ના જાહેર શૌચાલયના સંચાલન અને નિભાવણી માટેના એજન્સીના બાકી બિલ ચુકવી આપવા આદેશો આપ્યા છે.

● અનુસંધાન પાના ૭ પર



ચાલો ચરી લઈએ... - શહેરમાં ચોમાસાની વિદાય બાદ પણ રખડતા ઢોરના દશ્યો હજુ યથાવત છે... સેન્ટ્રલ વિસ્ટામાં ઉગેલા છૂટછવાયા ઘાસને ચરવાનું પસંદ કરતા શિસ્તબદ્ધ ઢોરની ગેરશિસ્તભરી તસવીર...

# વિધાનસભાનું ૯મી ડિસેમ્બરથી ટુંકુ સત્ર

ગાંધીનગર, તા.૧૩

રાજકીય વર્તુળોમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ગુજરાત વિધાનસભાનું ટુંકુ સત્ર ડિસેમ્બરમાંમળનાર છે. આ સત્રમાં ખેડૂતોના મુદ્દા ઉપર જોરદાર હોબાળો રહે તેવી શકયતા છે. કોંગ્રેસ પાર્ટી સરકારને ખેડૂતો અને દેશની આર્થિક સ્થિતિ તથા અન્ય સ્થાનિક મુદ્દાઓને લઈને ભીંસમાં લેવાના પ્રયાસ કરશે. ગુજરાતમાં કમોસમી વરસાદના પરિણામ સ્વરુપે આ વખતે ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું છે. આવી સ્થિતિમાં ખેડૂતોના મુદ્દાઓને લઈને કોંગ્રેસ તરફથી રજૂઆત કરવામાં આવી શકે છે. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટીની સરકાર જુદા જુદા વિધેયક અને સુધારા વિધેયક રજૂ કરવાના મૂડમાં દેખાઈ રહી છે. ગુજરાત વિધાનસભાનું આગામી સત્ર આગામી તા. ૯થી ૧૧ ડિસેમ્બર સુધી મળશે. ત્રણ દિવસના આ સત્રમાં રાજય સરકાર દ્વારા નવા વિધેયક અને સુધારા વિધેયક રજૂ કરવામાં આવશે. બીજીબાજુ, વિપક્ષ કોંગ્રેસ દ્વારા પાક વીમા સહિતના મુદ્દે સરકારને ઘેરવાની તૈયારી કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# ગુડા નવા એલ.આઈ.જી. આવાસોનુ નિર્માણ કરવા માટે ટૂંકમાં સ્થળ પસંદગી કરશે

## અગાઉ રાયસણ, અડાલજ અને ચિલોડામાં આવાસોનુ નિર્માણ કરાયા બાદ હજુ નવા આવાસો બાંધવા માટે ટૂંકમાં આયોજન કરાશે

ગુડા દ્વારા રાયસણ ,ચિલોડા અને અડાલજમાં એલ આઇ જી આવાસોનુ નિર્માણ કરાયા બાદ હજુ પણ ઓછી આવક ધરાવતા પરિવારજનોને ધ્યાને લઇ નવી આવાસ યોજના તૈયાર કરાશે આ માટે જગ્યાનો કબજો મેળવવાની પ્રકીયાના અંતે ટુંકમાં સ્થળ પસંદગી પણ કરાશે

ગાંધીનગર શહેર આસપાસના ગુડા વિસ્તારમાં સૌ પ્રથમ ગુડાએ ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે આવાસ યોજનાનુ કામ હાથ ધર્યુ હતુ. આ અન્વયે રાયસણ ,ચિલોડા અને અડાલજમાં આવાસોનુ નિર્માણ કરાયુ હતુ .જયારે હાલ આ આવાસોમાં નાગરિકોનો વસવાટ છે. આ ઉપરાંત કુડાસણમાં પણ ગુડાએ એમ આઇ જી ગૃપના મકાનો તૈયાર કરવામાં આવ્યા છે. જયારે દિવાળી પુર્વે જ આ આવાસોનો કબજો લાભાર્થીઓને આપવામાં આવ્યો છે. જયારે હજુ પણ ગુડા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નવા મકાનો બાંધવામાં આવશે ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે આવાસની અનિવાર્યતાને ધ્યાને લઇ ગુડા દ્વારા હાલ ગુડા વિસ્તારમાં સ્થિત ટીપી માં જરૂરી જગ્યાનો કબજો મેળવવા માટેની પ્રકીયા હાથ ધરવામાં આવી રહી છે. ગુડા દ્વારા લોવર ઇન્કમ ગૃપ માટે એલ આઇ જી આવાસો બાંધવામાં આવશે પરંતુ હજુ આ યોજના અન્વયે સ્થળ પસંદગી થઇ શકી નથી. ગુડા દ્વારા પ્રથમ તબક્કામાં ૧૨૫૦ જેટલા એલ આઇ જી આવાસોનુ નિર્માણ કરાયુ હતુ .જયારે હજુ પણ ગુડા વિસ્તારમાં નવા આવાસો બાંધવા માટે ટુંકમાં આયોજન આખરી કરાશે. ગુડા વિસ્તારમાં હાલ માળખાગત સુવિધાના કામોને અગ્રતા આપવામાં આવી રહી છે. માળખાગત સુવિધાના કામો હાથ ધરવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. રસ્તા, સ્ટોર્મ વોટર લાઇન તેમજ મીટર પધ્ધતિથી પાણી સપ્લાય કરવા સહીતની કામગીરીનો સમાવેશ થાય છે. જયારે આવાસ યોજના અન્વયે પણ ટુંકમાં બીજા તબક્કાનુ કામ હાથ ધરાશે.

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
N. C. Zaveri (શેરથાવાળા)
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com